# જાહેરાત

નેશનલ હેલ્થ મિશન અંતર્ગત જુદી-જુદી કેડરમાં સરકારી હોસ્પીટલ – ધોરાજી ખાતે બાયો મેડીકલ એન્જિનિયર અને ઓક્સીજન ઓપરેટરની જગ્યાઓ તદ્દન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારીત ભરવા તથા પ્રતિક્ષા યાદી બનાવવા સદરહું જાહેરાત આપવામાં આવે છે. માન્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા:૧૫/૦૬/૨૦૨૩ થી તા:૨૫/૦૬/૨૦૨૩ સુધીમાં ઓનલાઇન અરજીઓ https://arogyasathi.gujarat.gov.in લિંક પર કરવાની રહેશે.

ઉપરોક્ત પોસ્ટ માટેની જરૂરી લાયકાત, ઉંમર અંગેની સ્પષ્ટતા, ઉચ્ચક માસિક વેતન તથા અનુભવની સ્પષ્ટતા દર્શાવતી વિગતો નીચે મુજબ છે.

ઓનલાઇન ફોર્મ ભરવા અંગેની અગત્યની સુચનાઓ :

(૧) ઉમેદવારની ફક્ત ઓનલાઇન https://arogyasathi.gujarat.gov.in પર મળેલ અરજી જ સ્વીકારવામાં આવશે. અરજી સાદી/કુરીયર/એ.ડી.-ટપાલ કે રૂબરૂ સ્વીકારવામાં આવશે નહીં તેમજ માન્ય ગણવામાં આવશે નહીં.

(૨) સુવાચ્ય અને સ્પષ્ટ દેખાય તે રીતે ઓરીઝનલ ડોક્યુમેન્ટસની સ્વપ્રમાણીત ફોટોકોપી સોફ્ટવેરમાં ફરજીયાત અપલોડ કરવાની રહેશે. સ્પષ્ટ ન વંચાય તેવા ડોક્યુમેન્ટસ અપલોડ કરેલા હશે તો તેવી અરજી રદ કરવામાં આવશે.

(૩) ઉમેદવાર એક કરતા વધુ અરજી કરી શકશે નહીં.

(૪) ક્રમ નં.૧ થી ૨ મુજબની જગ્યાઓ માટે વયમર્યાદા ૪૦ વર્ષ સુધીની રહેશે.

| ક્રમ | પોસ્ટ નું નામ | પ્રોગ્રામ | શૈક્ષણિક લાયકાત | માસિક વેતન |
|---|---|---|---|---|
| ૧ | બાયોમેડીકલ એન્જિનિયર (જગ્યા - ૧) | એન. એચ. એમ. | આવશ્યક લાયકાત :- બાયોમેડીકલ એન્જીનીયરીંગ માં બેચલર ઓફ એન્જીનીયરીંગ અથવા બેચલર ઓફ ટેકનોલોજી<br>ન્યૂનતમ અનુભવ :- ઇજનેરીમાં લાયકાત પછીના બે+ વર્ષનો કાર્ય અનુભવ તેમજ પ્લાન્ટ ઓપરેશન્સ અથવા મેડીકલ ડીવાઈસ અને ઓક્સિજન સિસ્ટમ્સ માન્યતા/મૂલ્યાંકન ઇચ્છનીય છે.<br>ઇચ્છનીય લાયકાત :- (૧) એન્જીનીયરીંગ/એમબીએમાં પોસ્ટ-ગ્રેજ્યુએશન ઇચ્છનીય છે. કોઈ પણ સંસ્થાની કોમ્પ્યુટર એપ્લીકેશનના મૂળભૂત જ્ઞાનનું પ્રમાણપત્ર (૨) સપ્લાય ચેઈન મેનેજમેન્ટનું જ્ઞાન એક અગ્રતા રહેશે. (૩) રાજય, જીલ્લા અને હોસ્પિટલ સ્તરે યોગ્ય અમલીકરણ સંકલનની વિષયક જાણકારી હોવી જોઈએ. (૪) સંબંધિત ડેટા અને દસ્તાવેજો શોધવા માટે એમ.એસ. વર્ડ, એક્સેલ, પાવર પોઈન્ટ, આઉટલુક અને વેબ સર્ફિંગ જેવા સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતા પેકેજો સાથે ઉચ્ચ સ્તરની પરિચિતતા સાથે કમ્પ્યુટર જ્ઞાનહોવું જરૂરી છે. | ૨૨,૫૦૦/- (ફિક્સ) |
| ૨ | ઓક્સિજન ઓપરેટર (જગ્યા -૧) | એન. એચ. એમ | આવશ્યક લાયકાત :- માધ્યમિક પરીક્ષા (SSC) પાસ પ્રમાણપત્ર અને ITI પરીક્ષા પાસ પ્રમાણપત્ર<br>ઇચ્છનીય લાયકાત :- (૧)પ્રથમ પસંદગી : સ્ટાફ કે જેઓ હાલમાં ઓક્સિજન સંસાધનો/પીએસએ પ્લાન્ટનું સંચાલન કરી રહ્યા છે અને MoSDE, GOI દ્વારા સંચાલિત PSA ઓક્સિજન પ્લાન્ટના સંચાલન અને જાળવણી પર ૧૮૦ કલાકની તાલીમ મેળવેલ હોય.<br>(૨) બીજી પસંદગી :- ITI પાસ/પ્રશિક્ષકો જેમણે MoSDE, GOI દ્વારા સંચાલિત PSA ઓક્સિજન પ્લાન્ટના સંચાલન અને જાળવણી પર ૧૮૦ કલાકની તાલીમ મેળવેલ હોય. | ૧૭,૭૧૮/- (ફિક્સ) |

માહિતી/ /ધોરાજી/૨૩ અધિક્ષકશ્રી, સરકારી હોસ્પીટલ- ધોરાજી

અધિક્ષક,
સરકારી હોસ્પિટલ
ધોરાજી